**૬૯મા પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ રાજ્યના તમામ નાગરિકોને શુભેચ્છા પાઠવતા રાજ્યપાલશ્રી**

**ગુજરાતની વિકાસયાત્રામાં સહભાગી બનવા સૌને અનુરોધ કરતા - રાજ્યપાલશ્રી રાજ્યપાલશ્રીનો પ્રજાજોગ સંદેશ**

રાજભવન, ગાંધીનગર, તા. ૨૫/૦૧/૨૦૧૮

રાષ્ટ્રના ૬૯મા પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ પ્રજાજોગ સંદેશમાં ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ રાજ્યના સૌ નાગરિકોને હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી છે.

ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ રાજ્યની અવિરત વિકાસયાત્રામાં સૌ નાગરિકોને અનુરોધ કર્યો છે. તેમણે જણાવ્યું છે કે જન સહયોગથી રાજ્ય નવી ઉંચાઇઓ સર કરી રહ્યું છે. રાજ્ય સરકારે પારદર્શકતા, નિર્ણાયતા, સંવેદનશીલતા અને પ્રગતિશીલતાને ધ્યેય બનાવ્યું છે.

રાજ્યપાલશ્રીના સંદેશના મુખ્ય અંશો આ પ્રમાણે છે :

"આ પાવન પ્રસંગે ગુજરાતની પાવન ભૂમિમાં જન્મીને સમગ્ર રાષ્ટ્ર અને સમસ્ત વિશ્વને  શાંતિ અને અહિંસાનો સંદેશો આપનારા રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજી અને અખંડ ભારતનું નિર્માણ કરનારા એકતાની પ્રેરણા મૂર્તિ સરદાર વલ્લભભાઇ પટેલ, બાબા સાહેબ આંબેડકરને હું આદરપૂર્વક પ્રણામ કરું છું. આઝાદ ભારતને પ્રજાસત્તાક રાષ્ટ્ર તરીકે આકાર આપનાર દેશના નામી-અનામી તમામ સપૂતોને નતમસ્તકે વંદન કરું છું.

પ્રજાસત્તાક પર્વની ઉજવણી પ્રસંગે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના એ વિચારો મને યાદ આવે છે કે, “દેશ માટે બલિદાન આપવાનો મોકો આપણને મળ્યો નથી પણ દેશ માટે કામ કરીને બહેતર જીવન જીવવાનો મોકો આપણને મળ્યો છે”. ગુજરાત રાજ્યે રાષ્ટ્રીય પર્વની ઉજવણીને જનહિતના વિવિધ કાર્યો સાથે જોડીને આ પર્વોને સાચા અર્થમાં લોક ઉજવણીના તહેવારોમાં પરિવર્તિત કરી એક ઉત્કૃષ્ટ દાખલો બેસડ્યો છે.

પ્રજાસત્તાક એટલે પ્રજાના હાથમાં સત્તા. આ સીધીસાદી અને સરળ વ્યાખ્યાને ચરિતાર્થ કરવી એ કોઇ પણ શાસન વ્યવસ્થા માટે આસાન કામ નથી, પરંતુ મને જણાવતાં આનંદ થાય છે કે, આપણું ગુજરાત એક એવું રાજ્ય છે; જ્યાં સત્તાના મૂળમાં પ્રજાનો વિચાર છે, પ્રજાની ચિંતા છે, પ્રજાની કાળજી છે અને એટલે જ આપણું ગુજરાત અને ગુજરાતીઓ સાચા અર્થમાં' પ્રજાસત્તાક'હોવાનો અહેસાસ કરી રહ્યા છે.

લોકશાહી શાસન પ્રણાલીમાં ચૂંટણી એક મહાપર્વ છે. આ વર્ષે ગુજરાતના નાગરિકોએ ચૂંટણીના આ મહાપર્વને વધાવી લીધું અને તમામ મતદારોએ જાગૃતિ દાખવીને લોકશાહીના આ પર્વમાં પોતાની આસ્થા વ્યક્ત કરી. ગુજરાતના ચૂંટણીના જનાદેશે વર્તમાન સરકારને પુનઃ ચૂંટી કાઢીને વિકાસ ઉન્મુખ અભિગમ અને અવિરત વિકાસ માટેની અભિલાષા વ્યક્ત કરી છે.

માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના પ્રેરણાદાયી માર્ગદર્શનમાં મુખ્ય મંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત લોક સંગે અને લોક ઉમંગે વિકાસની નવી ઊંચાઇઓ સર કરી રહ્યું છે. રાજ્ય સરકારે પારદર્શકતા, નિર્ણાયકતા,

સંવેદનશીલતા અને પ્રગતિશીલતાને ધ્યેયમંત્ર બનાવીને વિકાસ અને જનસુખાકારીને સતત વિસ્તારવાનો નિષ્ઠાપૂર્વક પ્રયાસ કર્યો છે.

મને જણાવતાં આનંદ થાય છે કે, રાજ્ય સરકાર 'કોમનમેન' ને કેન્દ્રમાં રાખીને, તેમના સુખ-દુ:ખની ચિંતા કરીને સંવેદનશીલતાપૂર્વક પારદર્શી નિર્ણયો સાથે સતત કાર્યરત છે. ગુજરાત સરકારે ૩૬૫ દિવસમાં પોણાપાંચસો જેટલાં જનહિતના નિર્ણયો લઇ તેનો અસરકારક અમલ કરી નિષ્ઠા, નિર્ણાયકતા અને સંવેદનશીલતાનો પરિચય કરાવ્યો છે.

સર્વાંગી વિકાસને વરેલી ગુજરાતની લોકપ્રિય સરકારે ગ્રામજનો, શહેરીજનો, ખેડૂતો, યુવાનો, આદિવાસીઓ, વંચિતો, ગરીબો, મહિલાઓ સહિત તમામ વર્ગોના અને ગુજરાતના તમામ વિસ્તારોના ઝડપી વિકાસ માટે અનેક પગલાં લીધાં છે. આજે પ્રજાસત્તાક પર્વની પૂર્વ સંધ્યાએ મને કહેતાં આનંદ થાય છે કે, મારી સરકારે વાયદાઓ નહીં, પરંતુ નક્કર ઇરાદાઓ સાથે પારદર્શિતા, નિર્ણાયકતા, સંવેદનશીલતા અને પ્રગતિશીલતાપૂર્વક શાસન દાયિત્વ નિભાવ્યું છે. પ્રો-પીપલ, પ્રો-એક્ટીવ ગવર્નન્સ થકી લોક કલ્યાણ માટે લોકોના ઘર આંગણે જઇને લોકોના પ્રશ્નો તાકીદે દૂર કરવાનો સંવેદનશીલ પ્રયત્ન કર્યો છે.

ગુજરાત સરકારે પ્રજાભિમુખ પરિશ્રમયાત્રા દરમિયાન જનહિતના સંખ્યાબંધ નિર્ણયો લીધા છે અને વિકાસના ફળ સૌ કોઇ સુધી પહોંચાડવા પરિણામલક્ષી કામગીરી કરી છે. સેવા સેતુ,પ્રગતિ સેતુ, દરિદ્રનારાયણની સેવામાં જેનરિક દવાઓનો સ્ટોર, મુખ્યમંત્રી અમૃતમ યોજનાનો વ્યાપ વધારાયો, સરકારી ભરતીમાં પારદર્શિતા, નર્મદા ડેમને પૂર્ણ કક્ષાની ઉંચાઇએ લઇ જવાની

કામગીરી, શ્રમિક અન્નપૂર્ણા યોજના, સાતમા પગાર પંચનો અમલ, શ્રવણ તીર્થ દર્શન યોજના, જમીન એન.એ.ની સત્તાનું વિકેન્દ્રિકરણ કરીને ટાઉન પ્લાનરને સત્તાઓ, અનુસૂચિત જાતિ, જનજાતિ, વંચિતો, આદિવાસી તથા દિવ્યાંગજનો અને આર્થિક રીતે નબળા વર્ગના પરિવારો માટે વિશેષ યોજનાકીય લાભ, વિધાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં ઉપયોગ હેતુ ટેબ્લેટ યોજના વગેરે જેવા અનેક અસરકારક અને પારદર્શક પગલાંઓથી ફાસ્ટટ્રેક ગુજરાત આપ સૌની નજર સમક્ષ છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની દ્રઢ ઇચ્છા શક્તિને કારણે નર્મદા યોજના રાષ્ટ્રને સમર્પિત કરવાનો પ્રસંગ ગુજરાત માટે અનેરા ગર્વની ઘટના છે. ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા યોજનાનું સપનુ સરદાર સાહેબે સેવ્યુ હતું. જેને સાકાર કરવા ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઇ મોદીએ ત્વરિત અને હકારાત્મક નિર્ણયો લીધા. જેના થકી વર્ષ-૨૦૧૭માં સરદાર સરોવર ડેમ ઉપરના તમામ દરવાજા બંધ થતા ગુજરાતના વિકાસના તમામ દરવાજા ખુલ્યા છે. આમ ગુજરાતના વિકાસનો સુવર્ણ યુગનો શુભારંભ થયો છે.

ગુજરાતી પ્રજાના પડખે ઊભી રહેતી પ્રજાવત્સલ સરકારે ગુજરાતના ૧૦ જિલ્લાના સૂકા પેટાળને સજળ બનાવવા નક્કર પગલાં ભર્યા છે. છેલ્લા દોઢ દાયકામાં રૂ. ૬૨૩૭ કરોડના ખર્ચે નહેરોનું વિશાળ નેટવર્ક ધરાવતી સુજલામ સુફલામ યોજના પૂર્ણ કરી ૧૦ નહેરો અને ૧૦ પાઇપલાઇનોના નિર્માણ દ્વારા ૪૦૦ ઉપરાંત તળાવમાં પાણી ભરાતાં લાખો ખેડૂતોને સિંચાઇની સુવિધાનો લાભ મળતો થયો છે. સૌરાષ્ટ્રના વિસ્તારોને ટેન્કર મુક્ત કરવા રાજ્ય સરકારે

ભગીરથ કાર્ય હાથ ધર્યું  છે. સૌની યોજના અંતર્ગત કુલ ૧૧૫ ડેમોમાં પાણી ભરી, ૧૧૨૬ કિલોમીટર લાંબી પાઇપલાઇન દ્વારા ૧૦ લાખ એકર જેટલા વિસ્તારને લાભાન્વિત કરાશે. આમ સૌરાષ્ટ્રના ૧૦ જિલ્લાના ૬૩ જળાશયો ભરીને ૪,૮૫,૦૦૦ એકર જમીનને સિંચાઇની સુવિધા પૂરી પાડવામાં આવશે. જેથી સૌરાષ્ટ્રના લોકોને પાણીની સમસ્યાથી કાયમી મુક્તિ મળશે.

'ગુજરાત ઓન ફાસ્ટ ટ્રેક' સૂત્રને સાચા અર્થમાં ચરિતાર્થ કરતી મારી સરકારે રાજ્યના અતંરિયાળ વિસ્તારમાં વસતા નાગરિકોના પ્રશ્નોનો તેમના આંગણે જઇને સ્થળ પર ઉકેલ લાવવા  સેવાસેતુ મહાયજ્ઞ આરંભ્યો છે.  આવશ્યક સેવાઓ માટે નાગરિકોને  દૂર સુધી જવું પડતું હતું જેના કારણે સમય, શક્તિ અને નાણાંનો વ્યય થતો હતો. સેવા સેતુ જેવા નવતર પ્રયત્નોને કારણે જનતાના પ્રશ્નોનો તેમના આંગણે જ ઉકેલ આવી રહ્યો છે. નાગરિકોને ૧૭ જેટલી આવશ્યક સેવાઓનો ઘર આંગણે લાભ મળી રહ્યો છે. વર્ષ ૨૦૧૭-૧૮માં  ૧૮૦૦ જેટલા સેવાસેતુ કાર્યક્રમો યોજાયા હતા, જેનો ૬૮ લાખથી વધુ નાગરિકોએ લાભ લીધો હતો.

મારી સરકાર સંવેદનશીલ સરકાર છે, જેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ એટલે સરકારનું કરૂણા અભિયાન – આપણો ઉત્સાહ પશુ પક્ષી માટે હાનિકારક ના બને તે માટે સરકાર કટિબધ્ધ છે. ઉત્તરાયણના તહેવારો દરમિયાન રાજ્યના તમામ જિલ્લાઓના મુખ્ય મથકે 'કરુણા અભિયાન' હાથ ધરવામાં આવ્યુ. રાજ્ય સરકાર દ્વારા નવિન પહેલ રૂપે કરુણા એનીમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨ ગુજરાત રાજ્યના ૭ જિલ્લા અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, મહેસાણા, પાલનપુર-બનાસકાંઠા, અને ભાવનગર જિલ્લામાં કાર્યાન્વિત કરવામાં આવી છે.  જેને ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે.

કૃષિ એ આપણા દેશના અર્થતંત્રની કરોડરજ્જુ છે. રાજય સરકારે કૃષિકારો અને પશુપાલકોની વિશેષ દરકાર લીધી છે. ખેડૂતોને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળી રહે અને તેમની મહેનતનું યોગ્ય વળતર પ્રાપ્ત થાય એ દિશામાં રાજય સરકારે સંવેદનશીલ નિર્ણય લઇ મગફળી અને તુવેરની ટેકાના ભાવે ખરીદી કરી છે. રાજયના વિવિધ સેન્ટરો પરથી ટેકાના ભાવે ખરીદીની યોજના અંતર્ગત રૂ. ૨૦૦૦.૭૩ કરોડના મૂલ્યની કુલ ૪.૪૧ લાખ મેટ્રિક ટન મગફળીની ખરીદી થઇ છે. જેનો ૨૩ લાખથી વધુ ખેડૂતોને લાભ થયો છે. મગફળીમાં ટેકાના ભાવ ઉપરાંત પ્રતિ કવિન્ટલે ૫૦ રૂ. નું બોનસ પણ આપવામાં આવ્યું  છે. સૂક્ષ્મસિંચાઇના પ્રોત્સાહન માટે વર્ષ ૨૦૧૭-૧૮ થી રાજય સરકાર દ્વારા સીમાંત અને સામાન્ય ખેડૂતોની સબસીડી વધારીને ૫૦ ટકાને બદલે ૭૦ ટકા અને અનુસૂચિત જાતિ, જન જાતિના ખેડૂતો માટે ૭૫ ટકાથી વધારીને ૮૫ ટકા જાહેર કરી છે.

ગુજરાત અને દેશમાં ૩૫ વર્ષથી નીચેની વયના ૬૫ થી ૬૭ ટકા યુવાનો છે. પંડિત દીન દયાળજીના “પ્રત્યેક હાથને કામ” સૂત્રને ગુજરાતે મેગા જોબ ફેર દ્વારા સાચા અર્થમાં ચરિતાર્થ કરવાની દિશામાં નકકર કામગીરી કરી છે. જોબફેરના શરૂઆતના માત્ર સાત દિવસમાં ૧ લાખ ૧૦ હજાર જેટલા યુવાનોને મેગા જોબ ફેર દ્વારા  રોજગારી આપવામાં આવી છે. એક વર્ષના સમયગાળામાં જ ૧૦ લાખ ઉપરાંત યુવાનોને ખાનગી ક્ષેત્રમાં રોજગારી પૂરી પાડવામાં આવી છે.

યુવાનોને વધુમાં વધુ અને ઝડપી સરકારી નોકરીની તકો મળે તે માટે વર્ગ-૩ ની પ્રતિક્ષા યાદી બેવડી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. તેમજ

જી.પી.એસ.સી. દ્વારા વર્ગ-૧ અને વર્ગ-૨ની ભરતીઓની સ્પર્ધાત્મક પરીક્ષાઓ હવે પછી દર વર્ષે યોજવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

આપણું ગુજરાત પૂજ્ય મહાત્મા ગાંધીજીના આદર્શોને ચરિતાર્થ કરનારું રાજય છે. રાજ્યના યુવાનોનું ભવિષ્ય વધુ ઉજ્જવળ બને એ માટે મારી સરકારે અત્યંત અસકારક પગલાં લીધા છે. યુવાનોને નશાખોરીના દૂષણથી સુરક્ષિત રાખવા માટે સરકારે નશાબંધીના કાયદાને વધુ કડક બનાવી દારુ વેચનારા, રાખનારા, હેરફેર કરનારા સામે સખત કાનૂની કાર્યવાહી માટે દશ વર્ષની સજા અને પાંચ લાખના દંડની જોગવાઇ કરતો કડક કાયદો બનાવ્યો છે. આ ઉપરાંત નશાબંધી અધિનિયમમાં હુક્કાબાર ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. નશાખોરીથી થતી પરિવારની પાયમાલી અટકાવવાની દિશામાં પરિણામલક્ષી પગલું લઇ રાજ્યની મા-બહેન અને દીકરીઓની વેદનાને સંવેદનશીલતાપૂર્વક વાચા આપી છે.

મહિલાઓના આર્થિક સશકિતકરણની દિશામાં રાજય સરકારે મહત્વપૂર્ણ પગલાં લીધા છે. નારી શકિતના સમુચિત સન્માન અને વિકાસ માટે સરકારે મહિલા રોજગાર મેળાઓનું અસરકારક આયોજન કર્યું છે. દેશ અને રાજયના વિકાસમાં મહિલાઓ વધુ અસરકારક પ્રદાન કરી શકે તે માટે કૌશલ્યવર્ધનની સાથે રોજગારીની તકોનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૨૫ હજારથી વધુ મહિલાઓને મહિલા રોજગાર મેળામાં રોજગારી આપી આર્થિક રીતે પગભર બનાવાઇ છે.

રાજયની સંવેદનશીલ અને શ્રમિકોના કલ્યાણને વરેલી સરકારે વિવિધ ૨૭ જેટલી યોજનાઓ અમલી બનાવી છે. કડિયાનાકાઓ પર બાંધકામ શ્રમિકોને રૂ. ૧૦ માં ભોજનની થાળી આપી તેમને જમાડવાના ગરીબલક્ષી

અભિગમ દ્વારા રાજય સરકારે શ્રમિકોની સાચી ચિંતા કરી છે. ઘરથી દૂર કામના સ્થળે મજૂરી કરતાં શ્રમિકોને ગરમ પોષણયુકત આહાર પૂરો પાડીને રાજય સરકારે શ્રમિકો માટે સંવેદનશીલતાપૂર્વક પગલાં લીધા છે. રાજય સરકારના આ માનવતાલક્ષી નિર્ણયથી હજારો શ્રમિકો કામના સ્થળે ભરપેટ ભોજન લઇ શકે છે. હાલમાં આઠ શહેરોના ૮૮ કડિયાનાકાઓ પર ૨૫ હજાર જેટલાં શ્રમિકોને આ યોજનાનો રોજેરોજ લાભ આપવામાં આવી રહયો છે. તાજેતરમાં બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં અતિવૃષ્ટિથી અસર પામેલા જન-જીવનને પૂર્વવત બનાવવા ગુજરાત સરકાર દ્વારા ભગીરથ પ્રયાસ હાથ ધરવામાં આવ્યા હતા. બન્ને જિલ્લામાં પરિસ્થિતિને થાળે પાડવા સરકારશ્રીએ રૂ. ૧૫૦૦ કરોડનું રાહત સહાય પેકેજ આપી સંવેદનશીલ સરકારનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

ગુજરાતના પ્રત્યેક નાગરિકને સસ્તી, સરળ અને અસરકારક આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તે દિશામાં સરકાર નકકર પગલાં લઇ રહી છે. સ્વસ્થ તનમાં જ સ્વસ્થ મન વસે છે. જે આંતરિક વિકાસથી લઇને બાહ્ય વિકાસ માટે અનિવાર્ય છે. તમામે તમામ ગુજરાતીઓને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ રાહત દરે, ઘર આંગણે, આસાનીથી ઉપલબ્ધ થાય તે માટે મારી સરકારે આર્શીવાદરૂપ નિર્ણયો લીધા છે. સાડા છ કરોડ ગુજરાતીઓના નિરામય-તંદુરસ્ત જીવન માટે કૃત સંકલ્પ મારી સરકારી “ મા-યોજના અને મા-વાત્સલ્ય યોજનાનો વ્યાપ વધાર્યો છે. આ યોજના અન્વયે નોંધણી થયેલા ૪૯.૯૫ લાખ પરિવારો પૈકી ૬.૯૭ લાખ લોકોને રૂ. ૯૫૭ કરોડની વિના મૂલ્યે આરોગ્ય સારવાર સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

મિશન ઇન્દ્રધનુષ અંતર્ગત આવશ્યક રસીકરણથી વંચિત રહી ગયેલા અથવા તો એક-બે રસી લીધા પછી રસીકરણથી વંચિત રહી ગયેલા બાળકો અને સગર્ભા બહેનોને શોધી કાઢી તેમને રસી આપીને સુરક્ષિત કરવા માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા સઘન રસીકરણ ઝુંબેશ શરૂ કરાઇ છે. કોઇ બાળક રસીકરણથી વંચિત ન રહે અને દેશનું ભવિષ્ય ઉજજવળ બને તે માટે ઝુંપડપટ્ટી, ઇંટોના ભઠ્ઠા, જીઆઇડીસી અને ખેતરોમાં રહેતા પરિવારોનો સર્વે કરી રસીકરણથી વંચિત બાળકો અને સગર્ભા માતાઓનું રસીકરણ કરાયું છે.

ગરીબોને વાજબી દરે દવા ઉપલબ્ધ થાય તે માટે રાજયમાં ૫૦૦ જેટલા જેનરિક સ્ટોર્સ શરૂ કરવાનું નકકર આયોજન છે. તે પૈકી પ્રથમ તબકકે ૧૪૬ સ્ટોર કાર્યરત કરવામાં આવ્યા છે. બજાર કિંમત કરતાં ૩૦ થી ૮૦ ટકા ઓછી કિંમતમાં એટલી જ ગુણવત્તાયુકત દવાઓ આ જેનરિક સ્ટોર્સમાં ગરીબ દર્દીઓને ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેને કારણે બીમાર - સારવાર હેઠળના વ્યકિતના કુટુંબ પર આર્થિક ભારણ ઘટશે.

ઉજજવળ ભવિષ્યના નિર્માણમાં શિક્ષણ અત્યંત મહત્વનું પરિબળ છે. દેશમાં પ્રથમવાર મારી સરકારે શાળા ફી અધિનિયમને અમલી બનાવી ઐતિહાસિક કદમ ઉઠાવ્યું છે. રાજયના ગરીબ અને મધ્યમવર્ગના કુટુંબોને પરવડે તેવી ફી ઉપલબ્ધ બનાવવાનો નિર્ણય રાજય સરકારે લીધો છે. જેના કારણે રાજયના ૩૭ લાખ જેટલા વિદ્યાર્થીઓને ફી નિયંત્રણનો લાભ મળશે. સંપૂર્ણ ફીના નિયંત્રણનું પગલું દેશમાં માત્ર ગુજરાતમાં જ લેવાયું છે. ફી નિયંત્રણ એ સામાજિક સુધારણાનું અડીખમ પગલું છે.

આદિજાતિના વિકાસ માટે રાજય સરકાર ત્વરિત અને નકકર નિર્ણયો લઇ રહી છે. અંબાજીથી ઉમરગામ સુધીની પૂર્વપટ્ટીના આદિવાસી લોકોને મુખ્ય ધારામાં સામેલ કરવા રાજય સરકાર પ્રતિબધ્ધ છે. રાજય સરકારે “પેસા” એકટનો અસરકારક અમલ કર્યો છે. રાજયના ૫૦ આદિજાતિ તાલુકાઓની ૨૫૮૪ ગ્રામ પંચાયતો હેઠળની ૪૫૦૩ ગ્રામ સભાઓને ગૌણ વનપેદાશો અને ગૌણ ખનીજો સહિત વિકાસના નિર્ણયો સ્થાનિક કક્ષાએથી જ કરવાનો વિશેષ અધિકાર રાજય સરકારે આપ્યો. રાજયના ૧૯૬ વન વસાહતી ગામોને રેવન્યુ વીલેજ જાહેર કરી મહેસૂલી ગામોનો દરજજો અપાયો છે. વન અધિકાર અધિનિયમ હેઠળ અત્યાર સુધીમાં ૮૪ હજારથી વધુ આદિવાસીઓને જંગલની જમીનના અધિકાર આપવામાં આવ્યા છે.

‘‘આર્થિક કેપીટલ” સમા રાજયના શહેરોને વિકસાવવાની નેમ રાજય સરકારે લીધી છે. ત્યારે મુખ્યમંત્રી ‘‘સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ” યોજના અંતર્ગત નગરો-મહાનગરોનો આંતર માળખાકીય વિકાસ કરીને નગરજનોને સવલતો પૂરી પાડવામાં આવે છે. ૭ મહાનગરપાલિકાઓ અને ૧૫૭ નગરપાલિકાઓમાં કોમન જી.ડી.સી.આર નો અસરકારક અમલ કરવામાં આવી રહયો છે. દેશના પ્રથમ ૫૦ સ્વચ્છ શહેરોમાં ગુજરાતના કુલ -૧૨ શહેરોનો સમાવેશ થયો છે જેનાથી આપ સૌ વાકેફ છો.

શહેરોમાં વસતા શહેરીજનોને આવાસની સુવિધા પૂરી પાડવા રાજય સરકારની વિવિધ યોજના અંતર્ગત કુલ ૪.૨૨ લાખ આવાસોનું આયોજન કરવામાં આવ્યું છે. મને જણાવતાં આનંદ થાય છે કે, વર્ષ ૨૦૧૭માં યુનેસ્કો

દ્વારા અમદાવાદને " વર્લ્ડ હેરીટેજ સીટી" નો દરજ્જો અપાતા ગુજરાતની યશકલગીમાં એક નવું પીંછું ઉમેરાયું છે.

"સ્વચ્છતા ત્યાં પ્રભુતા"ના સૂત્રને ઘરે-ઘરે ગુંજતુ કરવા અને દરેક ગામ-દરેક ફળિયાને સ્વચ્છ બનાવવા માટે સ્વચ્છતા અભિયાનની ઝુંબેશને ગુજરાતે ખૂબ ઉત્સાહપૂર્વક ઉપાડી લીધી છે તેનો મને અનહદ આનંદ છે. આપ સૌ જાણો છો કે પ્રત્યેક ગુજરાતીઓના સર્વાંગી વિકાસ માટે મારી સરકારે ઘણા કામો કર્યા છે અને કરશે. ઘણા નિર્ણયો અમલમાં મૂક્યાં છે અને મૂકશે. ગુજરાતને આર્થિક, સામાજિક અને નૈતિક રીતે વધુ સમૃદ્ધ બનાવવા નિષ્ઠાપૂર્વકના પ્રયત્નો થઇ રહ્યા છે. આ સેવાયજ્ઞમાં તમામ નાગરિકોની સહભાગીતા અને ઉત્સાહપૂર્ણ યોગદાનની આવશ્યકતા છે. સહુના સાથ, સહકાર અને પ્રેમના પુંજથી ગુજરાત વધુ દૈદિપ્યમાન બનશે. ગુજરાત અને પ્રગતિશીલ સાક્ષર ગુજરાતીઓએ કેશલેસ ઇકોનોમી અને ડિજિટલ બેંકિગ સિસ્ટમને સહર્ષ સ્વીકારીને પ્રામાણિક સમાજ રચના માટે પોતાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે.

આવો, આપણે સહુ ગુજરાતની વિકાસયાત્રાને આગળ ધપાવવા પૂરી નિષ્ઠા અને પ્રામાણિકતાથી પ્રતિબદ્ધ બનીએ, પ્રજાને સાચી સત્તાની પ્રતીતિ કરાવીએ અને પ્રજાભિમુખ શાસન વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવીએ.

હું પુનઃ રાજ્યના સૌ નાગરિકોને પ્રજાસત્તાક પર્વની શુભકામનાઓ પાઠવું છું."

------------------------